# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872

MONTHLY NEWS PAPER

AHMEDABAD, SATURDAY, JULY 20, 2019 | VOL.NO-4, ISSUE NO-10 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE-8 | INVITATION PRICE: ₹20/-


## આ અંકમાં શું વાંચશો?




**રાકેશે કુવામાં છલાંગ લગાવી, વૃક્ષના મૂળ...**

ગુજરાત અને મધ્યપ્રદેશની બોર્ડરના કાંઠે વસેલું દેવગઢ બારિયા. આ તાલુકા મથક હીલ સ્ટેશન જેવું સુંદર અને મજાનું. ચારે તરફ લીલી વનરાઈઓ, પહાડો અને મસ્ત મજાનું વાતાવરણ. **પેજ ૩**



**પશુ- પંખીની એકતાએ જંગલ બચાવી લીધુ**

એક વખત શહેરના પૈસાદાર લોકોએ મકાન બાંધવા માટે જંગલ સાફ કરવાનો નિર્ણય કર્યો. તેથી તેઓ જંગલને જોવા માટે પંહોચ્યા. **પેજ ૪-૫**



**ત્રિપદા પરીવારની પરમી રથયાત્રા યોજાઇ...**

'ત્રિપદા પરિવાર' દ્વારા અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં ૧૯૬૮થી શરૂ કરવામાં આવેલી બાળ રથયાત્રાની સતત પરમાં વર્ષે ઉજવણી કરવામાં આવી હતી. **પેજ ૬**



**બાળકને મુક્ત મને વિહરવા દો, શિક્ષણ બોજ ન બને તે...**

શિક્ષણ એટલે ક્ષણ ક્ષણ શીખવાની પ્રક્રિયા એમ મારું માનવું છે. હું શિક્ષણ વ્યવસાયમાં મારો શોખ કેળવી રહી છું. ઈ.સ.૧૯૯૩ ની સાલથી શિક્ષણ જગતમાં મારી કારકિર્દીની શરૂઆત કરી. **પેજ ૮**


# મારુ દુ:ખ કોઇના હસવાનું કારણ હોઇ શકે છે, પરંતુ મારું હાસ્ય ક્યારેય કોઇને દુ:ખ નહી પહોંચાડે



ફુલગુરૂ

કોઈ મહાન સાહિત્યકારે જણાવ્યું છે કે, જો તમારે દુનિયાને હસાવવી હશે તો તમારા દિલમાં દર્દ હોવું જોઈએ, તમે દુ:ખને જોયા વગર લોકોને ખુશી નહીં આપી શકો. દુનિયાનો મહાન હાસ્ય કલાકાર, કોમેડિયન એટલે ચાર્લ્સ સ્પેન્સર ચેપ્લિનની જ્યારે પણ ચર્ચા થાય ત્યારે તેની કોમેડીની સાથે તેની ગરીબી અને તેના જુસ્સાને સો સો સલામ કરવાનું મન થઈ જ આવે. જ્યારે પણ તમે ચાર્લિની ફિલ્મ જોશો તો હસતા હસતા તમારી આંખો ભીની થઈ જશે, પરંતુ જ્યારે તમે તેનું જીવન ચરિત્ર વાંચશો ત્યારે તમારી આંખો દુ:ખી હૃદયે ભીની થશે.



ચાર્લિ ચેપ્લીનનું એક જીવનસુત્ર આજે પણ લોકોને યાદ હશે કે, મને વરસાદમાં પલળવું ખુબ જ ગમે છે, કારણ કે ત્યારે મારા આંસુને કોઈ જોઈ શકતું નથી. ૧૬ એપ્રિલ ૧૮૮૯માં જન્મેલા ચાર્લિનો જન્મ તો બ્રિટનમાં થયો હતો પરંતુ તેઓ અમેરીકામાં ગયા અને ત્યાં વિશ્વપ્રસિદ્ધ થયા. ચાર્લિએ પોતાના જીવનમાં ગરીબી જોઈ, દુ:ખો જોયા, માતા-પિતાને અલગ થતા જોયા, પોતાના ઘરનું બદલાતું સરનામું જોયું. આ તમામ પરિસ્થિતીઓની વચ્ચે ચાર્લિ લોકોને હસાવતો, ત્યાં સુધી કે લોકો પોતાની ખુરસી પરથી હસતા હસતા પડી જતા.

ચાર્લિના જીવનનું પહેલું પર્ફોર્મન્સ પણ બહું જ રસપ્રદ છે. એક દિવસ શહેરના જાણીતા લોકોના એક કાર્યક્રમમાં તેઓની મમ્મી એક સ્ટેજ પર વાયોલીન વગાડતી અને ગીતો ગાતી, અચાનક ચાલુ કાર્યક્રમમાં માતાનો અવાજ ચાલી જતા તેઓને સાંભળી રહેલા લોકો તેમની પર વસ્તુઓ ફેંકવા લાગ્યા. બસ, એજ સમયે ચાર્લિએ મનમાં નક્કી કર્યું કે હવે પોતે સ્ટેજ પર જશે, પોતાની માતાનું સ્થાન લેશે. લોકોના ડરને દુર રાખીને મક્કમ મન સાથે તેણે પહેલીવાર સ્ટેજ પર પર્ફોર્મન્સ કરવા માટે પગલા ભર્યા. પોતાના પહેલા જ પર્ફોર્મન્સમાં તેણે લોકોના દિલ જીતી લીધા.

ત્યારબાદ ચાર્લિએ જીંદગીમાં ક્યારેય પાછુ વળીને જોયુ નથી. ભઠ્ઠીમાં તપીને તે સોનુ બની ગયો હતો, જેની ચમકે કરોડો લોકોના હોઠ પર સ્મિત આપ્યું હતું. માતા- પિતાથી અલગ થતા ચાર્લિના જીવનમાં ખુબ જ મુશ્કેલીઓ આવી હતી. ગરીબીને કારણે ચાર્લિએ પોતાના ભાઈ અને મા સાથે અનાથાશ્રમમાં રહેવાનો સમય આવ્યો હતો. અનાથાશ્રમમાં નાની નાની ભુલને કારણે તેઓને ભુખ્યા રાખવામાં આવતા હતા, મારવામાં આવતા હતા, યાતનાઓ અપાતી. તેમ છતા પણ તેઓ હિંમત હાર્યા વગર ત્યાં જ રહ્યા. તેઓને અભ્યાસમાં મન નહોતું લાગતું. તેથી તેમણે સ્કૂલ છોડી દીધી અને એક્ટીંગના ફિલ્મમાં પંહોચી ગયા. તેઓ માત્ર ૧૯ વર્ષની ઉંમરે ઇંગ્લેન્ડમાં સૌથી લોકચાહના મેળવાનારા કલાકાર બની ગયા હતા. કોર્ટના આદેશ પ્રમાણે તેના પિતા તરફથી ભરણ પોષણ મળતું હતું, પરંતુ તેની સાવકી માના અત્યાચાર ચાર્લિએ સહન કરવા પડતા હતા.

ચાર્લિની ફિલ્મોમાં મોટાભાગે ટ્રેપ નામનું કેરેક્ટર હોય છે. આ કેરેક્ટર દુબળા, પાતળા, ઠીંગણા અને કપડા ફાટેલા હોય તે પ્રકારનું કેરેક્ટર હોય છે. તેમ છતા આ કેરેક્ટર હંમેશા પોતાના તર્ક-બેફિકરાઈથી લોકોને હસાવતું હતું. આ કેરેક્ટર ઉપજાવેલું કે ખોટુ કેરેક્ટર ન હતું પરંતુ એ ચાર્લિનો ભુતકાળ હતો.

ચાર્લિની શરુઆતની ફિલ્મોમાં તે કોઈ ડાયલોગ વગર જ પોતાની વાત લોકો સુધી પંહોચાડવામાં સફળ રહેતા હતા. તેમની પહેલી બોલતી ફિલ્મ ધ ગ્રેટ ડિક્ટેટર આવી. ચાર્લિના જીવનમાં એવો સમય પણ આવ્યો કે જ્યારે જાહેર સભાઓમાં ચર્ચાઓમાં વામ પંથીઓનો પક્ષ લેતા જોવા મળ્યા. પ્રેસ અને મિડીયાએ તેમને રુસી એજન્ટ હોવાના આક્ષેપો પણ લગાવ્યા. ચાર્લિના જીવનમાં એ ૧૦ વર્ષ એવા આફતના રહ્યાં કે જ્યાં અમેરીકાની સરકાર અને મિડીયાએ હંમેશા ચાર્લિ માટે આફત ઉભી કરી. ૧૯૫૨માં તેમની ફિલ્મ લાઈમ લાઈટને અમેરિકામાં પ્રતિબંધિત કરાવી.

ચાર્લિની પ્રસિધ્ધી તે હદ સુધી હતી કે ૧૯૯૫માં ચાર્લિને ઓસ્કાર એવોર્ડ મળ્યો. તે સમયે ધ ગાર્જિયને એક સર્વે કરાવ્યો. જેમાં તેઓએ સારા ફિલ્મ સમીક્ષક અને દર્શકોને પુછ્યું કે તમારો સૌથી વધુ પસંદગીનો હીરો કોણ છે. રિપોર્ટ જોઈને આશ્ચર્ય થયું કે ચાર્લિના મૃત્યુના ૨૦ વર્ષ પછી પણ ચાર્લિ લોકોનો પસંદગીનો હીરો હતો. એ પણ અતિશ્યોક્તિ નહીં હોય કે આજે પણ લોકો ચાર્લિને દુનિયાનો સૌથી મહાન કોમેડિયન માને છે. આજે પણ ઘણા કલાકારો તેની જ નકલ કરે છે.

ચાર્લિએ પોતાના જીવનમાં ચાર વાર લગ્નો કર્યા. પરંતુ પહેલી ત્રણ પત્ની તેમને છોડી જતી રહી. જ્યારે ચોથી પત્ની ઉના અને નીલ સાથે તેઓ મરતા દમ સુધી રહ્યાં. ચાર્લિના ૮ બાળકો હતા.

## ચાર્લિના શબને પણ ચોરી લીધુ હતું પછી કોક્રીંટના કવચમાં દફનાવાયા

દુનિયાને હસાવનારા ચાર્લિ ચેપ્લિનનું મૃત્યુ ૨૫ ડિસેમ્બર, ૧૯૭૭માં થયું હતું. એ સમયે તેઓ પોતાની ચોથી પત્ની અને બાળકો સાથે સ્વિટ્ઝરલેન્ડમાં રહેતા હતા. તેમના ઘરમાં જ તેઓનું મૃત્યુ થયું હતું. પરંતુ તેમને જ્યાં દફનાવવામાં આવ્યા હતા ત્યાંથી કોઇ ચોરે તેઓના શરીરની ચોરી કરી હતી. સ્થાનિક પ્રશાસનને જાણ થતા તેઓના શરીરને શોધવાની કામગીરી કડક રીતે ચલાવાઇ. યોગાનું યોગ આ ઘટના પણ તેની ફિલ્મમાં પહેલા પણ દર્શાવાઇ હતી. જ્યાં બોડી માટે બે લોકો ચોરને પૈસા આપે છે. પરંતુ સ્થાનિક પોલીસ દ્વારા બોડીને ચોરનારા લોકોને પકડી લેવામાં આવ્યા. ત્યારબાદ ચાર્લિના શરીરને જીનેવા શહેરમાં નદી કિનારે ફરી કોઇ ચોર ચાર્લિના શરીરની ચોરી ન કરે તે માટે કોંક્રીટથી કવર કરવામાં આવી અને ત્યાં જ દફનાવવામાં આવી.

## ચાર્લિ ચેપ્લિનના જીવન મંત્રો

- હાસ્ય વગર પસાર કરેલો દિવસ, બર્બાદ કરેલો દિવસ છે.
- હકીકતમાં, હાસ્યનું કારણ એ જ બને છે કે જે ક્યારેક તમારા દુ:ખનું પણ કારણ હતું.
- માત્ર કલ્પના કરવાથી કંઇ મળશે નહીં, તમારે તેને માટે કંઇક કરવું પડશે.
- જીંદગીને નજીકથી જોઇએ તો એક ત્રાસદી લાગે છે પરંતુ દુરથી જોતા તે એક કોમેડી લાગે છે.
- અરીસો મારો સાચો મિત્ર છે, કારણ કે હું જ્યારે રડુ છું ત્યારે તે ક્યારેય હસતો નથી
- દુનિયામાં કોઇપણ વસ્તુ કાયમી નથી, મુશ્કેલીઓ પણ નહીં.
- આપણે ખુબ જ વિચારીએ છીએ, પરંતુ તેનો અનુભવ કરતા નથી.
- પોતાનો મજાક બનાવવા માટે સૌથી વધારે હિંમત જોઇએ, અસફળતાનું કોઇ મહત્વ નથી
- તમે ક્યારેય નીચે જોઇને ઇન્દ્રધનુષ્યનો અનુભવ નહીં કરી શકો.
- મારા જીંદગીમાં ઘણી મુશ્કેલીઓ છે, પરંતુ મારા હોંઠો તેઓને નથી ઓળખતા, તેઓ માત્ર હાસ્યને જ જાણે છે.

## સંસ્કાર ધામ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરાઇ






વિશ્વયોગદિન નિમિત્તે યોગના મહત્વથી આધુનિક પેઢી જાગૃત થાય અને શારીરિક સ્વાસ્થય બાબતે સજાગ રહે તે હેતુસર સંસ્થામાં ગ્લોબલ મિશન વિભાગના મેદાનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરાઈ. દરેક વિભાગના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ તદુપરાંત ટ્રસ્ટીગણ સાહેબશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા અને યોગમાં ભાગ લીધો.

## ડી.પી. હાઈસ્કૂલ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરાઇ



૨૧ જૂન, વિશ્વ યોગ દિન નિમિત્તે ડી.પી. હાઈસ્કૂલ (નવા વાડજ)ના વિદ્યાર્થી દ્વારા સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે અદ્ભૂત યોગ પ્રદર્શન ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીજી તથા માન. મુખ્યમત્રીશ્રી વિજય રૂપાણી સાહેબ તથા મેયર શ્રી બીજલબેન પટેલના હસ્તે ડી.પી. હાઈસ્કૂલના બાળકો સન્માનિત કર્યા હતા.

## માધવ વિદ્યા સંકુલમાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરાઇ



માધવ વિદ્યા સંકુલમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

## સ્કુમસ્કૂલ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરાઇ



૨૧ જૂન, વિશ્વ યોગ દિન નિમિત્તે સ્કુમસ્કૂલના વિદ્યાર્થી દ્વારા યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

## અમદાવાદની સ્કુમ સ્કૂલે વર્લ્ડ એન્ટી ડ્રગ ડે અને મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



૨૬મી જૂનના દિવસે સમગ્ર વિશ્વમાં વર્લ્ડ એન્ટી ડ્રગ ડે મનાવવામાં આવે છે. જેમાં સ્કુમસ્કૂલ દ્વારા પણ યોગદાન આપવામાં આવેલ છે. ૨૬ જૂન એન્ટી ડ્રગ ડે નિમિત્તે હાઈ અને લાઈફ તથા બોધિતા એન.જી.ઓ. ના સહયોગથી એન્ટી ડ્રગ કેમ્પેઈન અંતર્ગત, સ્કુમકેમ્પસની ગુજરાતી માધ્યમ સ્કૂલ દ્વારા ધો. ૮ તથા ધો. ૯ના વિદ્યાર્થીઓ માટે ડ્રોઈંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ વ્યસન મુક્તિના ફાયદાઓ તથા ડ્રગ્સની આડઅસરો તથા નુકસાન વિશે તેમના વિચારો અને સૂચનો ચિત્રાત્મક સ્વરૂપે ખૂબ સુંદર રીતે રજૂ કર્યા. આ ચિત્ર સ્પર્ધાના વિજેતા ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા ઘોષિત કરવામાં આવશે.






બાળકો ભવિષ્યના નાગરિક છે તેથી તેઓને નાનપણથી જ મતદાન અને પોતાના મતનું મહત્વ સમજાવવું જોઈએ. સ્કુમ સ્કૂલ દ્વારા ધોરણ ૧ થી ૯ના બાળકો માટે ખાસ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજ્યો હતો.

## તપોવન સ્કૂલ (પાટણ) ખાતે ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી કરાઇ



તપોવન સ્કૂલ (પાટણ)માં ગુરુપુર્ણિમા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમા ભારત વિકાસ પરિષદના શ્રી જીતુભાઇ પટેલ, મહેશભાઇ દલવાડી, કુંદનભાઇ વગેરે મહેમાનો ઉપસ્થિત રહી ગત વર્ષે પ્રથમ નંબર આવેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

## સંસ્કાર ધામ સ્કૂલ દ્વારા ગુરૂપૂર્ણિમા દિનની ઉજવણી કરાઇ





સંસ્કાર ધામ સ્કૂલ દ્વારા ગુરૂપૂર્ણિમા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓ દ્વારા સર્વે ગુરૂજનો ને તિલક કરીને તેમના દ્વારા બનાવવામાં આવેલ શુભેચ્છાકાર્ડ આપીને જીવનમાં ગુરૂઓના મહત્વ વિશે વકતવ્ય આપ્યું. વિદ્યાર્થીનીઓ તથા સંગીત શિક્ષક દ્વારા સુંદર ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું.

## ડિવાઇન લાઇફ સ્કૂલ નિકોલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરાઇ





૨૧ જૂન, વિશ્વ યોગ દિન નિમિત્તે ડિવાઈન લાઈફ સ્કૂલ ના વિદ્યાર્થી દ્વારા યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી.







## સંસ્કાર ધામ સ્કૂલમાં દાયિત્વગ્રહણ સમારોહ

ધોરણ ૫ થી ૧૦માં હેડબોય, હેડગર્લ, એકેડેમીક હેડ, સ્પોર્ટ્સ હેડ, તેમજ વર્ગ સઃ વર્ગ મંત્રી તરીકે નિમણૂક થયેલા વિદ્યાર્થીઓને તેમના ઉત્તરદાયિત્વની સંકલ્પના સમજાય તેમજ નેતૃતનો ગુણ વિક્સે અને પોતાના જવાબદારી સભર કાર્ય પ્રત્યે નિષ્ઠાવાન, પ્રમાણિક, તટસ્થ, નિષ્પક્ષ અને પૂર્વગ્રહરહીત બને તેમજ ભવિષ્યમાં અન્યના આદર્શ બની ભાવી સમાજને સક્ષમ બનાવે તે હેતુને સિદ્ધ કરવા અર્થે આ કાર્યક્રમનું આયોજન કર્યુ. જેમાં મુખ્ય અતિથિશ્રી તરીકે મા.શ્રી આર.બી.બ્રહ્મભટ્ટ (IGP, Intelliegence-2,Gandhinagar) પધાર્યા હતા. તેમજ સંસ્થાના પ્રમુખશ્રી, ટ્રસ્ટીગણ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. તિલકવિધી બાદ અતિથિશ્રી દ્વારા બેડ્ઝ અર્પણ કરી તેમના વ્યક્તિત્વને એક આગવી ઓળખ આપી. તેમણે વિદ્યાર્થીઓને સહજ અને સરળ ભાષામાં તેમના દાયિત્વની પૂર્તિ માટેના નૈતિક મૂલ્યોથી અવગત કરે તેવી બાબતોનું પ્રાસંગિક ઉદાહરણ દ્વારા જ્ઞાન આપ્યું. દરેક વિદ્યાર્થીએ તેમના રસપ્રદ વકતવ્ય દ્વારા ભાવિ જીવનને સ્પર્શે તેવું જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા યોગનિદર્શન અને ઘોષનું પ્રદર્શન કરવામાં આવ્યું. અતિથિશ્રીએ સંસ્થા પ્રત્યેનો અવિસ્મરણીય અને હકારાત્મક અભિપ્રાય આપ્યો. આમ આ કાર્યક્રમ દ્વારાં દરેક વિદ્યાર્થીએ શિસ્ત અને શાશ્વત મૂલ્યોનું શિક્ષણ મેળવ્યું.

**તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી 'ધી ઓપન પેજ'માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.**

**વૈધાનિક સૂચના:** ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# રાકેશે કુવામાં છલાંગ લગાવી, વૃક્ષના મૂળ સાથે લટકીને બે બાળકોના જીવ બચાવ્યા



**રાજ ભાસ્કર**
સહ સંપાદક સાધના સાપ્તાહિક
કોલમિષ્ટ , દિવ્ય ભાસ્કર

ગુજરાત અને મધ્યપ્રદેશની બોર્ડરના કાંઠે વસેલું દેવગઢ બારિયા. આ તાલુકા મથક હીલ સ્ટેશન જેવું સુંદર અને મજાનું. ચારે તરફ લીલી વનરાઈઓ, પહાડો અને મસ્ત મજાનું વાતાવરણ. અહીં પ્રકૃતિ સોળે કળાએ ખીલી હતી.

દેવગઢ બારીયા તાલુકામાં રૂવાબારા અને ઉધાવાળા ગામ સાવ પાસ પાસે. એવી રીતે અડીને વસેલા જાણે બે પાક્કા ભાઈ બંધો એકબીજાને ખભે હાથ મૂકીને બેઠા હોય. અહીં રાકેશ નામનો એક તેર વર્ષનો છોકરો પણ રહેતો હતો. કુદરતે એના પર ભારે અકૃપા કરી હતી. એને પ્રકૃતિની ગોદમાં રમતો મૂકી દીધો હતો પણ રમાડવાવાળા માતા-પિતા છીનવી લીધા હતા. એ અનાથ હતો. એના પિતા શનાભાઈ પટેલ અને માતા બંને ગુજરી ગયા હતા.

જેના માથે ભગવાને માતા - પિતાનો છાંયો પણ નહોતો રહેવા દીધો એવો રાકેશે આખી દુનિયાને પોતાની ગણતો હતો. એને ભગવાન પર જરાય ગુસ્સો નહોતો. એ સૌ સાથે હળી-મળીને રહેતો હતો. એ રૂવાબારાની પ્રાથમિક શાળામાં ધોરણ આઠમાં અભ્યાસ કરતો. હંમેશાં બીજાની મદદ કરતો અને આનંદિત થતો. એની એકલતાએ એને વધારે બહાદૂર બનાવ્યો હતો. એની હિંમત કદી ખૂટતી નહીં. એમાંય જ્યારે બીજા માટે કંઈ કરવાનું આવે ત્યારે તો આ તેર વર્ષના રાકેશની છાતીમાં એની ઉંમર કરતાંય ડબલ છવ્વીસ છવ્વીસ ફૂટના મોજા ઉછળવા લાગતા.

રાકેશની આ દરિયા જેવી હિંમતની કસોટી થાય તેવી જ એક ઘટના એક દિવસ બની.

રૂવાબારા અને ઉધાવાળા ગામે એક પરીવાર રહેતો. પારસીંગભાઈ તેમના પત્ની અને બે દીકરાઓ દિનેશ અને હસમુખ.

એક દિવસની વાત છે. શિયાળાનો સમય હતો. સાંજ હજુ ઢળી નહોતી. દિનેશ અને હસમુખ ગામની પાદરે આવેલા એક ખેતરમાં રમી રહ્યાં હતા. ખેતરમાં દૂર એક અવાવરૂ કુવો હતો. એ કુવાને પાળી નહોતી. આ બંને છોકરાઓ ત્યાં રમતા હતા. પાળી વગરના કુવા પાસે રમવું બહું જ જોખમી હોય છે. પણ આ છોકરાઓ તો ખૂબ જ નાના હતા. માત્ર બીજા ધોરણમાં ભણતા. એમને તો આવા જોખમોની કોઈ ગણતરી જ નહોતી. એમનો જીવ એકવાર રમવામાં પરોવાઈ ગયો એટલે વાત પૂરી. બંને રમવામાં મશગુલ બની ગયા હતા. દોડતાં દોડતા બંને અચાનક એ કુવા પાસે પહોંચ્યા. દોડાદોડીમાં દિનેશ છેક કુવા પાસે આવી પહોંચ્યો. કુવાની ધાર પર આવી પહોંચતા જ એનો પગ લપસ્યો અને એ ધડામ અવાજ સાથે કુવામાં ખાબક્યો.

નાનકડો હસમુખ આ જોઈને ગભરાઈ ગયો. એનો ભાઈ કુવામાં પડ્યો હતો. એ જોવા માટે એ કુવાની ધાર પાસે ગયો. એણે પણ કાળજી ના રાખી અને એ પણ ધડામ અવાજ સાથે કુવામાં પડ્યો. બંને થોડીવાર તો તર્યા. બૂમો પાડી. બચાવો.... બચાવો.... બચાવો....

અવાવરૂ કુવાની દિવાલોમાં આ ચીસો ના પડઘા ઉઠ્યા.

બરાબર એ જ વખતે રાકેશ ત્યાંથી પસાર થયો.






**૨૬મી જાન્યુઆરી- ૨૦૧૬ના રોજ પ્રજાસત્તાક દિને ભારત સરકાર દ્વારા રાકેશ શનાભાઈ પટેલની બહાદૂરીને બિરદાવવામાં આવી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે રાકેશને 'રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર' એનાયત થયો**

એના કાને આછી આછી ચીસ સંભળાઈ. એના પગ થંભી ગયા. એણે મનમાં વિચાર્યુ કે કોઈ બૂમો પાડી રહ્યુ છે. બે ત્રણ બૂમો સંભળાઈ અને પછી અવાજ શાંત થઈ ગયો. એણે ધ્યાનથી કાન માંડ્યા પણ હવે ચીસો આવતી નહોતી.

રાકેશ એના મન સાથે વાત કરવા લાગ્યો. કોઈક તો મુશ્કેલીમાં છે. બુમો સાચે જ સંભળાતી હતી. મારે આમ એને અવગણીને ચાલ્યા ના જવું જોઈએ. બૂમો શાંત થઈ ગઈ એનો અર્થ એ થયો કે એ વ્યક્તિ હવે રાડ પાડવાની સ્થિતીમાં પણ નથી.

રાકેશને જમાનાએ ખૂબ હોંશિયાર બનાવી દીધો હતો. એ આમતેમ દોડવા લાગ્યો. બાવળના ઝાડ પાછળ જોયુ, દૂર ખેતરના ઉભા મોલમાં આંટો મારી જોયો. પણ કોઈ દેખાયું નહીં. આમ તેમ ભટકીને પાછો એ એક સ્થાને આવીને ઉભો રહ્યો. કોણ હશે? ક્યાં હશે? એવા પ્રશ્નો એના મનમાં પડઘાઈ રહ્યાં હતા. એ ઉભો ઉભો વિચાર કરી રહ્યો હતો ત્યાંજ એનુ ધ્યાન કુવા પર પડ્યુ. પાળી વગરનો કુવો જોતા જ એના મનમાં ફાળ પડી. એ ધ્રુજી ઉઠ્યો. મનોમન બોલી ઉઠ્યો, 'હે ભગવાન, આ કુવો તો વીસ ફુટ ઉંડો છે. રખે ને કોઈ માણસ આ કુવામાં તો નહીં પડ્યુ હોય ને?'

વિચારતો વિચારતો એ કુવા તરફ દોડ્યો. એ સાવચેતીથી ધાર પાસે ઉભો રહ્યો અને અંદર નજર કરી. એને બે માથા દેખાયા. થોડી વારમાં સ્હેજ ચહેરો પણ દેખાયો. એણે પારખી લીધું કે આ તો દિનેશ અને હસમુખ છે. એ બંને એની જ નિશાળમાં બીજા ધોરણમાં ભણતા હતા. એ બંને અત્યારે ડૂબી રહ્યાં હતા. તરફડિયા મારી રહ્યાં હતા. ઉપર આવવા માટે મથામણ કરી રહ્યાં હતા.

હવે શું કરવું? બહું જ વિકટ પ્રશ્ન આવીને ઉભો રહ્યો હતો. આસપાસ કોઈ હતું પણ નહીં અને કોઈ સુવિધા પણ નહોતી. લોકો કહે છે કે ભારતના હર બીજા વ્યક્તિ પાસે મોબાઈલ છે પણ અહીં એકેય મોબાઈલ નહોતો. કોઈને સંદેશ પણ કેવી રીતે આપવો?

અહીં મોબાઈલ નહોતો પણ મન મોટુ હતું. રાકેશે નક્કી કર્યુ કે કોઈ નથી તો શું થયું? આ બંને મિત્રોને એ જાતે જ બચાવશે. એના માટે એને જાનની બાજી લગાવવી પડશે તો પણ વાંધો નથી.

આમ વિચારીને રાકેશે મિત્રોને બચાવવાની તરકીબો શોધી કાઢી. એણે પાળી પર ઉભા રહી અંદર નજર કરી. કુવાને કાંઠે એક મોટુ ઝાડ ઉગેલું હતું. એ ઝાડનું મૂળ કુવાની દીવાલો ફાડીને અંદરની તરફ નીકળ્યુ હતું. રાકેશે એ જોઈને વિચાર કર્યો કે આના આધારે જ આ મિત્રોને બચાવી શકાશે. આમ વિચારીને એણે હિંમતથી કુવામાં છલાંગ લગાવી અને પછી એ મૂળને પકડી લીધું. તેર વર્ષના રાકેશે કોઈ ફિલ્મના હીરો જેવી અદાથી આ કાર્ય કર્યુ હતું. પણ ફિલ્મમાં તો નકલી હોય છે. અહીં તો એણે અસલ કરી બતાવ્યુ હતું. જાનના જોખમે એ કુવામાં ઉતર્યો હતો. એક હાથે એણે ઝાડનું મૂળ પકડ્યુ અને બીજો હાથ ડૂબી રહેલાં મિત્રો તરફ ધર્યો.

રાકેશ બોલ્યો, 'દિનિયા મારો હાથ પકડી લે. બચી જઈશ.'

દિનેશ ગભરાઈ રહ્યો હતો. કારણ કે ડૂબી રહ્યો હતો. એ બોલ્યો, 'પણ ભાઈ, આપણે બેય મરી જઈશું. મને બહું ડર લાગે છે. ઝાડનું મૂળ તૂટી જશે તો આપણે બંને ગયા.'

રાકેશ બોલ્યો, 'મારો હાથ નહીં પકડે તો મરવાનું તો નક્કી જ છે. એ કરતાં પકડી લે ને ભાઈ. બચી જઈશ તો નફામાં. અને એક વાત યાદ રાખ. હું તને કાંઈ નહીં થવા દઉં. કદાચ મૂળ તૂટી જશે તો પણ હું તને તરીને બચાવી લઈશ. ચાલ આવી જા...'

ઘણી સમજાવટ બાદ દિનેશ માન્યો. એણે રાકેશનો એક હાથ પકડ્યો. નસીબ સારા હતા. મૂળ તૂટ્યુ નહીં. દિનેશની ઉંમર માત્ર તેર વર્ષની હતી પણ એ ગભરાયો કે ડર્યો નહીં. એણે શક્તિ પણ ઘટવા ના દીધી. એનામાં હતી એ બધી જ શક્તિ અને હિંમત એકઠી કરી એણે કામ કર્યુ. એક હાથે ઝાડનું મૂળ પકડી રાખ્યુ અને બીજા હાથે મિત્ર દિનેશનો હાથ પકડીને ઉપર ખેંચ્યો. ધીમે ધીમે એને ઉપર કિનારા તરફ ચડવામાં મદદ કરી. આખરે રાકેશની મદદથી એ કુવાની બહાર નીકળી શક્યો.

એ પછી રાકેશે હસમુખને પણ એ જ રીતે પોતાનો હાથ પકડવાનું કહ્યુ. દિનેશ બચી જતાં હસમુખનામાં વિશ્વાસ આવ્યો હતો. એણે રાકેશનો હાથ પકડ્યો. રાકેશે એને પણ હેમખેમ કુવાની બહાર કાઢ્યો. પછી એ પોતે તરત જ બહાર આવી ગયો.

બહાર આવતા જ હસમુખ અને દિનેશ બેભાન જેવા થઈ ગયા. જમીન પર ચત્તાપાટ પડી ગયા. એટલી વારમાં બીજા ગામ લોકો પણ આવી ગયા. એ બંને છોકરાઓને પાસેના એક ઘરે લઈ ગયા. ત્યાં એક કલાક એમની સારવાર કરી ત્યારે બંને ભાનમાં આવ્યા.

દીકરાઓ ભાનમાં આવતા જ પારસીંગભાઈ અને એમના પત્ની રડી પડ્યા. એમણે રાકેશને બાથમાં સમાવી લીધો, 'બેટા, આજે તું ના હોત તો અમે અમારા સંતાનો ખોઈ બેસત. તારો ઉપકાર અમે કદી નહીં ભુલીએ.'

રાકેશની બહાદૂરીની વાત સમગ્ર વિસ્તારમાં ફેલાઈ ગઈ. બીજા દિવસે એની શાળાએ પણ એની બહાદૂરીનું સન્માન કર્યુ. ગામ લોકોએ પણ એને બિરદાવ્યો. રાજ્ય કક્ષાના મંત્રી શ્રી બચુભાઈ ખાબડને આ સમાચાર મળતા તેઓ ત્યાં આવી પહોંચ્યા અને શાલ અને સન્માન પત્ર આપી તેનું સન્માન કર્યુ. તેમજ જાહેરાત કરી કે, નીડર બાળક રાકેશ પટેલના ભણવાનો તમામ ખર્ચ ગુજરાત સરકાર ઉઠાવશે.

ત્યારે ત્યાં ઉપસ્થિત સૌની આંખમાં આંસુ હતા. જેના મા-બાપ નહોતા એવા છોકરાને કેટલાં બધા લોકોની હુંફ અને છાંયો મળી ગયા હતા. ભગવાન સૌનુ ભલુ કરે.

૨૬મી જાન્યુઆરી- ૨૦૧૬ના રોજ પ્રજાસત્તાક દિને ભારત સરકાર દ્વારા રાકેશ શનાભાઈ પટેલની બહાદૂરીને બિરદાવવામાં આવી.

## આપેલા ચિત્રમાં રંગ પૂરો



## ઉખાણા

**કાળા ધોળા પથ્થર જોડે,**
**ઘર ઘરમાં જાઉં,**
**ધરતી માતાની હું બેટી,**
**પથ્થરની બહેન થાઉં**

O માટી O ચૂનો O ઈંટ O કાદવ

**એક નાના ઝાડનાં,**
**પંજા જેવાં પાનઃ**
**દાંડી તો છે લાંબી,**
**તેના ફળનું છે બહુમાન**

O પપૈયું O તડબૂચ O ટેટી O દાડમ

**મોગરાની બેન,**
**જે પાંચ પાંખડી વાળી,**
**વેણી રૂપાળી,**
**વળી મત્ત સુગંધવાળી**

O ચંપો O ચમેલી O કરણ O મોગરો

**ગણ્યા ગણાય નહિ,**
**વિણ્યા વિણાય નહિં,**
**છાબડીમાં માય નહિ,**
**તોય મારા આભલામાં નહાય**

O મોતી O તારા O ફૂલ O પાંદડાં

**જળનાં ફૂલ જે, તળાવોમાં થાતાં**
**લિંગ ઉપર ચઢે વળી, થાય ધોળાં રાતાં**

O ગુલાબ O કમળ O મોગરો O ચંપો

**જવાબ:** ઈંટ, પપૈયું, ચમેલી, તારા, કમળ

## નીચે દર્શાવ્યા પ્રમાણે ગણતરી કરો




# પશુ- પંખીની એકતાએ જંગલ બચાવી લીધુ

**બાળ વાર્તા**



એક વખત શહેરના પૈસાદાર લોકોએ મકાન બાંધવા માટે જંગલ સાફ કરવાનો નિર્ણય કર્યો. તેથી તેઓ જંગલને જોવા માટે પંહોચ્યા. જંગલમાં તમામ લોકો વાતો કરતા હતા કે જંગલને સાફ કરીને ત્યાં મોટી મોટી ઈમારતો કેવી રીતે તૈયાર કરવામાં આવશે. પૈસાદાર લોકોની આ વાત ત્યાં કુદકા મારતી ખિસકોલીએ સાંભળી કે જંગલ કપાવવાનું છે. તેને વિચાર આવ્યો કે બાપ રે જો જંગલ કપાઇ જશે તો અમે ક્યાં જઇશું, ખિસકોલી જોર જોરથી રડવા લાગી અને તેના રડવાને કારણે જંગલના બીજા પ્રાણીઓ પણ ત્યાં એકઠા થઇ ગયા.

ઘણા પ્રાણીઓ ચિંતા કરવા લાગ્યા તો ઘણા પ્રાણીઓ હસવા લાગ્યા, તેવામાં ચતુર પોપટે તમામ પ્રાણીઓની આ ગંભીર સમસ્યા તરફ ધ્યાન દોર્યું. તેણે તમામ પ્રાણીઓને જણાવ્યું કે જંગલ સાફ થશે તો આપણે ઘર બાર વગરના થઇ જઇશું. તેથી તમામ પ્રાણીઓએ ભેગા થઈને આ સમસ્યાનું સમાધાન લાવવું જોઈએ અને માણસોને જંગલ કાપતા રોકવા જણાવ્યું.

તમામ પ્રાણીઓએ યોજના તૈયાર કરી. દિવસ રાત પ્રાણીઓ જંગલની ચોકી કરવા લાગ્યા. દિવસે ઘોડા, ઘેંટાઓ, વાંદરાઓ, સસલાઓ ચોકી કરે, રાત્રે નિશાચર પક્ષીઓ ચોકી કરે. જેવા માણસો જંગલ કાપવા આવે કે કુતરા, વાંદરા, સમડી, બાજ વગેરે પ્રાણીઓ તેમના પર હુમલો કરી દેતા. તેથી માણસોને પાછા જવું પડતું. આ ઘટનાથી જંગલ કાપવા આવનારા લોકોમાં હાહાકાર મચી ગયો. તેથી તેમણે નક્કી કર્યું કે હવે દિવસે નહીં પરંતુ રાત્રે જંગલ કાપીશું. રાત્રે ઘુવડ, ચામાચિડીયાઓ જંગલની દેખરેખ કરતા હતા. જેવા માણસો જંગલમાં પ્રવેશ કરે કે તરત જ તેમના તિક્ષ્ણ દાંત વડે હુમલો કરી દેતા. માણસોની ચામડી પણ ઉતરડી કાઢતા. અંધારામાં ડરામણા અવાજો કાઢતા, વાંદરાઓ સુકા ઝાડ હલાવતા આ તમામ બાબતો માણસોને ડરાવતી હતી.

પોપટ માણસના અવાજમાં બોલ્યો કે દુષ્ટો ભાગી જાઓ નહીંતર પિશાચ આવીને તમારુ લોહી પી જશે. હકીકતમાં ચામાચિડીયા જ તેમને ગળે બચકુ ભરી લેતા હતા. લોકો ભુત... ભુત... કરીને ભાગી ગયા. ખોટી માન્યતાઓનો પ્રાણીઓએ માણસોની વિરુધ્ધમાં જ ખુબ ફાયદો ઉઠાવ્યો. આ રીતે પશુઓએ પોતાની એકતાથી જંગલ બચાવી લીધું.

## નીચે આપેલા માંથી છ તફાવત શોધો



## ટપકાં જોડી ચિત્ર પૂરુ કરો



## રસ્તો શોધવા મદદ કરો



## નીચે આપેલા શબ્દો ને શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બ | સ | લ | ભા | લા | લા | મ | ડો | અ | મો | દ | મ |
| ઓ | ન | દ | ણ | પ્ર | સ | બા | ધ | પ્રા | સ | ગ | ત્રિ |
| અ | ખ | આ | કા | ક | ક | મા | કા | ક્ષ | ચી | અં | વે |
| બિં | ળો | ણે | કુ | બ | ક | ર | ળ | ખ | લ | મ | ણી |
| દુ | બિ | કા | ર | આ | બા | સા | ણ | સ | જ્ઞા | બ | રો |
| ક્ષ | નિ | ક્ષ | બં | બ | ત્રિ | કો | ણ | દ | બ | શિ | વિ |
| ળ | હા | ચા | ધો | ર | ણ | દ | ડીં | મા | શિ | શિ | ગ |
| શિ | ક | બં | ણા | ક | બ | ગં | દુ | ઇ | ક્ષ | ઈ | ન |
| ધ | ર | કા | ક | દ | ઓ | ર | વિ | ર | બા | ર | નિ |
| બ | સા | કા | બો | ધી | ર | જ | ધા | પ્ર | કે | વે | અઃ |
| ભ | લ | બ | ર | આ | દ | મ | કા | સ | દ | અ | ભો |
| ધ | ર | દ | મા | કા | મા | બ | રી | ન | અં | ક | મા |

ત્રિકોણ
ત્રિવેણી
દબદબો
દુનિયા
દુવિધા
ધીરજ
ધોરણ
નરકેસરી
નિવેદન
પ્રકરણ

## ચાલો પક્ષી દોરતા શીખીએ



# ત્રિપદા પરીવારની પરમી રથયાત્રા યોજાઇ: ભગવાને બહેન સુભદ્રા, ભાઇ બળભદ્ર સાથે આપ્યા નગરજનોને દર્શન











'ત્રિપદા પરિવાર' દ્વારા અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં ૧૯૬૮થી શરૂ કરવામાં આવેલી બાળ રથયાત્રાની સતત પરમાં વર્ષે ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે રથયાત્રા ખુબજ અનોખી રીતે ઉજવાઇ હતી. તા. ૪થી જુલાઇ અષાઢી બીજના દિવસે સવારે ૬:૩૦ કલાકે ત્રિપદા પરિવાર અને પશ્ચિમ વિસ્તારના શ્રદ્ધાળુઓ દ્વારા ભગવાન જગન્નાથ, ભાઇ બળભદ્ર અને બહેન સુભદ્રાની મહાઆરતી કર્યા બાદ ૭ કલાકે રથયાત્રાનું પ્રસ્થાન નિલકંઠ મહાદેવથી કરાયું હતું.

આ રથયાત્રા તા. ૪-૦૭-૨૦૧૯ને ગુરૂવારના રોજ પ્રણાલિકાગત રીતે સવારે ૬:૩૦ કલાકે ત્રિપદા હાઇસ્કૂલ, નિલકંઠ મહાદેવ મંદિરથી નીકળી અભિનંદન સોસાયટી, પાટીદાર ચોક, મનોરવા હોલ, વરદાન ટાવર થઇ પ્રગતિનગર ગાર્ડન, વિજયનગર ચાર રસ્તા, ધરતી વિકાસ મંડળ સર્કલ, કામેશ્વર સર્કલ, અંકુર ચાર રસ્તા, પલ્લવ ચાર રસ્તા, શાસ્ત્રીનગર, રત્નાપાર્ક, પ્રભાત ચોક, ચાણક્યપુરી બ્રીજ થઇ ડમરૂ સર્કલ (સોમનાથ ચોક), પ્રમુખ નગર, શાયોના સીટી, વિશ્વાસ -૨, આઈડીપી સ્કૂલ, નિર્માણ ટાવર, ભાગવત કોમ્પલેક્ષ થઇ, સોલા ભાગવત વિદ્યાપીઠમાં પૂર્ણાહુતિ થઇ હતી.

આ રથયાત્રામાં ત્રિપદા સ્કૂલ તથા આઇડી પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ રથયાત્રામાં જોડાયા હતા. રથ, ટ્રક, મીનીબસ, ઉંટ ગાડી, મારૂતિવાન, ટ્રેક્ટર, પેડલ રીક્ષા તથા શાળાના બાળકો બેન્ડ સાથે જુદા જુદા અખાડા, દાવ, રમત-ગમત, રાસ ગરબા તથા સોલા ભાગવત ઋષિકુમારો દ્વારા મંત્રોચ્ચાર સાથે ઉપરોક્ત રૂટ પરથી પસાર થયા હતા. ત્રિપદા પરિવાર તરફથી ૨૦૦ કિલો પ્રસાદની વહેંચણી કરવામાં આવી હતી.


















બનાવો તમારી મુલાકાત
યાદગાર
શંકુઝ સાથે!
એકદમ આંતરાષ્ટ્રીય ધોરણની
રાઈડ સેફ્ટિ અને વૉટર હાઈજીન
વિશ્વ વિખ્યાત ડિઝાઈનર્સ દ્વારા
ડિઝાઈન અને નિર્માણ થયેલ
વિશેષ
કિડ્સ
ઝોન
મળો અમારી
મસ્તી ટીમને
રોમાંચક
એડવેન્ચર
બુકિંગ માટે:
+91 9099080030/60
અમદાવાદ-મહેસાણા હાઈવે, મહેસાણા 384435,
ગુજરાત, ભારત.
www.shankuswaterpark.com
shankuswaterpark
Shankus
WATERPARK &
RESORT

# બાળકને મુક્ત મને વિહરવા દો, શિક્ષણ બોજ ન બને તે રીતે આપો



જ્યોતિ પટેલ
પ્રિન્સિપાલ, શિવાઆશિષ સ્કૂલ

શિક્ષણ એટલે ક્ષણ ક્ષણ શીખવાની પ્રક્રિયા એમ મારું માનવું છે. હું શિક્ષણ વ્યવસાયમાં મારો શોખ કેળવી રહી છું. ઈ.સ.૧૯૯૩ ની સાલથી શિક્ષણ જગતમાં મારી કારકિર્દીની શરૂઆત કરી. શિક્ષણ એ નિર્મળ, નિખાલસ વ્યવસાય કહી શકાય. એ મેં જીવનમાં દઢ કરી દીધેલ છે. તેથી જ પવિત્ર અને સાત્વિક વ્યવસાયને પારદર્શકતાની નજરે નિહાળતી રહી છું. એક જ સ્કૂલમાં પચ્ચીસ વર્ષ જેટલો બહોળો અનુભવ મને મળ્યો છે. નાના વૃક્ષની જેમ પાંગરતી શિવઆશિષ સ્કૂલ, જે આજે વટવૃક્ષ બનીને બાળકોને શિક્ષણ રૂપી શીતળતા આપી રહી છે. તે જ વૃક્ષની હું પણ એક હિસ્સો રહી ચૂકી છું અને વિશાળ પરિપક્વ વૃક્ષના ફળનો આસ્વાદ અનુભવી રહી છું. આ લેખ દ્વારા હું વાલીઓ અને શિક્ષણ વ્યવસ્થા સાથે જોડાયેલા કેટલાક અનુભવો હું તમારી સાથે શેર કરવા માંગુ છું.

## આજકાલ બાળકો જેટલા જ વાલીઓ પણ મુંજાયેલા છે

હવેના સમયે બાળકની સાથે વાલીઓ પણ મુંજાયેલા જોવા મળે છે. ખાસ કરીને તેમના બાળકના ભવિષ્યને લઈને. તેમાં પણ ખાસ કરીને માધ્યમ પસંદ કરવાને લઈને. વાલીને પ્રશ્ન હોય છે કે બાળકને કયા મીડીયમમાં ભણાવવો જોઈએ ?, હું માનું છું કે ગુજરાતી માતૃભાષા છે, જ્યારે અંગ્રેજી ઈન્ટરનેશનલ ભાષા છે. ગુજરાતી સ્પષ્ટ શીખવો, અંગ્રેજી વિષય વગર આપ ટકી નહી શકો, બંને ભાષાનું સરખું જ મહત્વ કહી શકાય. પરંતુ ઘરના માહોલ પ્રમાણે બાળકને જે - તે મીડીયમમાં ભણાવવા. જો આપ બાળકને ગુજરાતીમાં સમજાવી શકો તેમ હો તો ગુજરાતી અને અંગ્રેજીમાં સમજાવી શકો તેમ હો તો અંગ્રેજી માધ્યમમાં ભણાવો. ફક્ત કોઈના આધારે બાળકને ન મૂકી દો, તમે ઊંચી ફી આપી કોચિંગમાં મૂકી તમારી જવાબદારીથી મુક્ત ન થઈ જશો. તમારી ઈચ્છા પ્રમાણે ઢાળશો નહી, તેમને મુક્ત મને વિહરવા દો. બાળકને શિક્ષણ બોજ બને તે રીતે ન આપો, તેના સમયે તેને ભણવા બેસાડો, તમારા સમયે નહી. ભણવાની સાથે-સાથે રમવા માટે પણ ચોક્કસ સમય આપો, હું માનું છું કે બાળકોને હંમેશા નીડર વ્યક્તિના જીવન પ્રસંગની વાર્તા કહેવી જોઈએ.

ત્યારબાદ વાલીઓની રજુઆત હોય છે કે બાળક માતા-પિતા પાસે ભણવા બેસતું નથી જેથી કોચિંગમાં મૂકવું પડે છે.

બાળકને બાળકની ઈચ્છા સમયે ભણાવો નહીં કે તમારા સમયે બાળકની સાથે ભણવા સિવાય રમવા માટેનો સમય પણ તમારે આપવો જોઈએ. બાળકના સૌથી પહેલા શિક્ષક તેના માતા-પિતા છે. માતા-પિતા બાળકને જન્મ આપે છે. તો તેને ઉચ્ચ સંસ્કાર અને શિક્ષણની પૂરી જવાબદારીનું તેમને ધ્યાન હોવું જોઈએ. ફક્ત મોંઘી ફી ભરીને સ્કૂલ કે ટ્યુશન અપાવીને આપણે માતા-પિતા જવાબદારીમાંથી મુક્ત થઈ શકતા નથી, ધીરજ ખૂબ જરૂરી છે. બાળક નાનું હોય ત્યારથી જ અભ્યાસલક્ષી કેળવણી રમતા-રમતા આપવી જોઈએ. બાળકને શિક્ષણ ક્યારેય બોજો કે કંટાળાજનક ન લાગવું જોઈએ.

■ ભણવાની સાથે-સાથે રમવા માટે પણ સમય ચોક્કસ સમય આપો, હું માનું છું કે બાળકોને હંમેશા નીડર વ્યક્તિના જીવન પ્રસંગની વાર્તા કહેવી જોઈએ.

■ બાળક નાનું હોય ત્યારથી જ અભ્યાસલક્ષી કેળવણી રમતા-રમતા આપવી જોઈએ. બાળકને શિક્ષણ ક્યારેય બોજો કે કંટાળાજનક ન લાગવું જોઈએ.

■ બાળકને સ્કૂલનું શિક્ષણ ત્યારે જ સમજાશે જ્યારે તે હસતું સ્કૂલે આવશે. બાળકને સ્કૂલ પર પ્રેમ ત્યારે જ રહેશે. જ્યારે તે સ્કૂલને માનથી જોશે.



## કોની સાથે બાળક બેસશે ?

તમારે તમારી વ્યસ્તતામાંથી થોડોક સમય બાળકને આપવો જ પડશે. માતા એ બાળકના ૨૪ કલાકના શિક્ષકની ગરજ સારે છે. ફક્ત બે જ કલાક બાળકને હોમવર્ક કરાવવા પાછળ આપો જેથી સારા અને સ્પષ્ટ અક્ષરે બાળક શાંતિથી હોમવર્ક કરે અને સ્કૂલમાં થયેલ કામનું રીવીઝન થઈ શકે. ગુજરાતી મીડીયમમાં ભણતા બાળકને સ્કૂલ પછી ત્રણ કલાક આપો, બાળકને કોઈ કોચિંગની જરૂર નથી તેને કોઈ માનસિક ટેન્શનની જરૂર નથી. બાળક સ્વસ્થ હશે તો જ ભણશે.

બાળકના મોંઘા ટ્યુશનથી વાલી પર ડબલ આર્થિક બોજ પડે છે, જેથી શિક્ષણ મોંઘુ લાગે છે, શિક્ષણને નિયમિત અને પદ્ધતિસરનું બનાવો. બાળકને પોતાને શું ગમે છે? તે પૂછવાનો સમય આપણી પાસે નથી અને બાળક પાસે પણ નથી
કેમ કે તે સ્કૂલ પછી ટ્યુશન કલાસ, પછી સ્કૂલનું હોમવર્ક પછી ટ્યુશનનું હોમવર્ક ત્યાર પછી સ્કૂલની પરીક્ષાની તૈયારી ટ્યુશનની તૈયારી આ બધાની વચ્ચે બાળકને સમય જ ક્યાં છે રમવાનો, ચિત્રકામ કરવાનો, કે સ્કૂલમાં ભણેલા અભ્યાસને વાગોળવાનો? જો અભ્યાસને વાગોળશે નહી તો મીઠો નહી લાગે, કંટાળા જનક લાગશે પરિણામે વેઠ ઉતારવી, ખરાબ અક્ષરથી લખવું, ઉતારો કરીને કરવું, સમજ વગર કરવું, પરિણામે પરીક્ષા નજીક આવતાં - આવતાં તો ક્યારે શું ભણ્યા છીએ તે વિચારવાનો સમય નથી હોતો, જેથી બાળક ગોખણપટ્ટીનો સહારો લે છે જે શોર્ટકટ છે અને બાળક પરીક્ષાલક્ષી બનતું જાય છે.

## બાળકને ધ્યાનમાં બેસાડીને ધીરજ રાખીને તેના પરિણામને ચકાસો

હંમેશા વાંચન અને વિચારોને વાગોળવાની આદતથી જ શ્રેષ્ઠ શિક્ષણ બાળકને મળે છે. બીજે ક્યાંય દોટ મૂકવાની જરૂર નથી, આપણી પાસે છે તેને મૂકીને બીજા પાસે છે તે ખેંચવાની દોટ આપણે મૂકીએ છીએ. બાળકને સ્કૂલનું શિક્ષણ ત્યારે જ સમજાશે જ્યારે તે હસતું સ્કૂલે આવશે. બાળકને સ્કૂલ પર પ્રેમ ત્યારે જ રહેશે. જ્યારે તે સ્કૂલને માનથી જોશે. શિક્ષક અંગેની કોઈ જ તમને ન ગમતી વાત તમારા બાળકની સામે ન કરવી. તેમ કરવાથી બાળકનું શાળા પ્રત્યે માન ઘટે છે. છેવટે શિક્ષણનું મૂલ્ય ઘટે છે.

આજે પ્રગતિશીલ સમાજ સાથે કદમ મિલાવતા બાળકને સ્પર્ધાત્મક યુગમાં પાછળ ન રહી જાય તે જોવાની સંપૂર્ણ જવાબદારી માતા-પિતા અને શિક્ષકની છે. તેમ છતાં બાળકની તુલના કોઈ બીજા બાળક સાથે ક્યારેય કરવી નહી. માનવી ગમે તેટલી ડિગ્રીઓ મેળવતો જાય પણ તેનામાં માનવતાની મહેક ન વરતાય તો બધું જ નિરર્થક છે.

વાંચનથી વિચાર બદલાય, વિચારની વ્યવહાર બદલાય, વ્યવહારથી વ્યક્તિ બદલાય, સમાજને બદલવા સંસ્કાર વર્ધક વાંચન વધારી સભ્ય સમાજની રચના થઈ શકે છે.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open PageThe Open Page: 23, Suryakunj Society, Nr. Nutan School, Prabhat Chowk, Ghatlodia Ahmedabad - 380061 | Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210